# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૭/ક્વા-૨/૧૯-૨૦/૮૨૭૧–C** **તા.૧૭–૧૨–૧૯**

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૭૭/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **રીયલ એન્ટરપ્રાઇઝ** ગામ: **રાજકોટ**
રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જે.મેહતા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૪-૧૨-૨૦૧૯ ( બુધવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૩-૧૧-૨૦૧૯ ( બુધવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં **અરજદાર હાજર રહેલ ન હતા તેમજ** પીજીવીસીએલ તરફથી કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જે.મેહતા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩ હાજર રહેલ** હતા. સદર કેસની સુનાવણી તા. ૦૪-૧૨-૨૦૧૯ ( બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં **અરજદાર હાજર રહેલ ન હતા જયારે** પીજીવીસીએલ તરફથી કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જે.મેહતા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩ હાજર રહેલ** હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર રીયલ એન્ટરપ્રાઇઝ ગામ -મવડી રોડ, તેઓની અરજીના નોંધણી નં: ૭૭/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે**, તા.૧૭–૦૮–૧૯ ના રોજ – ૭૬૨૮૫ કીવો યુનીટ નુ વીજબીલ આપેલ છે, જે ૩૦ દિન મુજબ – પ્રતિદીન ૨૫૪૩ KWH યુનીટ મુજબ – પ્રતિ કલાક – ૧૦૬ KWH થાય છે, જે અન્યાય કર્તા હોય – તેમજ તેઓનુ બાંધકામ સવારના ૦૮ થી સાંજના ૦૬ વાગ્યા સુધી કામ કરતા હોય છે, જેથી – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- મવડી રોડ સબડીવીઝનમાં રીયલ એન્ટરપ્રાઈઝ ગ્રાહક નં - ૩૦૬૦૦/૦૧૪૮૫/૧ થી હંગામી વીજ જોડાણ તા.૨૦.૦૪.૧૯ થી ધરાવે છે. જે અનુસંધાને જણાવવાનું કે મવડી રોડ સબડીવીઝન દ્વારા અરજદાર શ્રી ને નીચે મુજબ ના રીડિંગ પ્રમાણે વીજબિલ આપવામાં આવેલ છે.

૧) તા.૨૦.૪.૧૯ ના રીડિંગ ૧૪ કેડબલ્યુએચ થી મીટર લાગેલ છે.
૨) તા. ૧૪-૦૫-૧૯ રીડિંગ: ૧૪૮૨ -૧૪=૧૪૬૮ યુનિટ.
૩) તા. ૨૦-૦૬-૧૯ રીડિંગ: ૪૦૨૬-૧૪૮૨=૨૫૪૪ યુનિટ.
૪) તા. ૧૬-૦૭-૧૯ રીડિંગ: ૬૦૧૯-૪૦૨૬=૧૯૯૩ યુનિટ.
૫) તા. ૨૧-૦૮-૧૯ રિંડીંગ: ૮૨૭૯૩-૬૦૧૯= ૭૬૭૭૪ યુનિટ.

ઉપર મુજબ મીટર રીડર દ્વારા રીડિંગ પ્રમાણેનું બિલ અરજદારને આપવામાં આવેલ છે. સદર હંગામી વીજ જોડાણનું મીટર તા.૨૧-૦૮-૧૯ ના રોજ મવડી રોડ સબડીવીઝન દ્વારા ઉતારવામાં આવેલ છે અને તા.૧૧-૦૯-૧૯ ના રોજ સદર મીટર લેબ ટેસ્ટ કરવામાં આવેલ તથા એમ.આર.આઈ ના રિપોર્ટ પ્રમાણે રીડિંગ નીચે મુજબ આવેલ છે.

૧) તા.૦૧-૦૫-૧૯ ના રીડિંગ-૬૦૯૧, એમ.ડી. -૫૮.૫૨
૨) તા.૦૧-૦૬-૧૯ ના રીડિંગ-૨૬૮૨૯, એમ.ડી - ૭૬.૯૮
૩) તા. ૦૧-૦૭-૧૯ ના રીડિંગ-૪૭૯૦૨, એમ.ડી - ૮૭.૧૬
૪) તા. ૦૧-૦૮-૧૯ ના રીડિંગ-૭૧૯૬૭, એમ.ડી - ૯૨.૧૬
૫) તા. ૦૧-૦૯-૧૯ ના રીડિંગ-૮૨૭૯૩, એમ.ડી - ૭૨.૦૨

આમ અરજદાર શ્રી ના હંગામી વિજ-જોડાણના મીટરના રીડિંગ લેવામાં મીટર-રીડર દ્વારા અગાઉના બિલોમાં ભુલો કરવામાં આવેલ હતી તો લેબોરેટરીના એમ.આર.આઈ રીપોર્ટ મુજબ તા.૨૧-૦૮-૧૯ની તારીખે રૂ. **૭,૨૩,૬૬૮=૦૧** નું જે બીલ આપેલ છે - તે બરાબર છે. તેમજ એમ.ડી તફાવતના રૂ.**૨૮,૯૯૩=૧૩** લેવા પાત્ર થતાં હોય જે ડેબિટ કરેલ છે. જેથી ટોટલ રૂ.**૭,૫૨,૬૬૧=૧૪** અરજદાર શ્રી ને ભરવા પાત્ર થાય છે તે બાબતેની જાણ મવડી રોડ સબડીવીઝન દ્વારા ગ્રાહકશ્રી ને તા.૦૭-૧૦-૧૯ થી કરેલ છે તેમજ અગાઉ પત્રનં. એમઆર/એસડી/રેવ/૫૦૭૨ તા.૧૬-૦૯-૧૯ તથા પત્ર નં. ૫૧૭૦ તા.૨૦-૦૯-૧૯ થી રકમ ભરપાઈ કરવા પાત્ર હોય તે અંગેની જાણ કરેલ છે.

3.૧ ત્યારબાદ, અરજદારને સદર બાબતેની પીજીવીસીએલ પક્ષકાર તરફથી યોગ્ય સમજણ અને જાણકારી આપતા – અરજદાર દ્વારા તેઓને ભરપાઈ કરવા પાત્ર રકમ રૂ.૭,૧૨,૭૩૯/– રસીદ નંબર: ૭૭૯૮૨૮ તા.૨૧–૧૦–૧૯ ના રોજ ભરપાઈ કરેલ છે. તેમજ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તફાવતીય રકમ ટેમ્પરરી ફાઈનલ બીલમાંથી બાદ કરેલ છે. જે અંગે તા.૧૫–૧૧–૧૯ ના રોજ થી અરજદારે લેખીત સંમંતીપત્ર આપી અને હવે આ બાબતે કોઈ તકરાર નથી તેમ સ્વીકારેલ છે. જે લેખીત સંમંતીપત્ર પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૦૪–૧૨–૧૯ ના રોજ ની મીટીગમાં રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **પેરા નં ૨.૦ અને** પેરા નં ૩.૦ થી ૩.૧ અન્વયે અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા -અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા.૧૫–૧૧–૧૯ થી રજુ કરાયેલ છે. **આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય -** પરંતુ સદર કેઈસ મા, સ્પષ્ટ થાય છે કે જે તે વખતે મીટર રીડર દ્વારા રીડીંગ લેવામા – બેદરકારી દાખવેલ છે, જે બદલ જવાબદાર મીટર રીડર / કર્મચારી / એજન્સી સામે ભવિષ્યમાં સદર પ્રકારની તકરાર ઉપસ્થિત ન થાય તે માટે – નિયમાધીન કાર્યવાહી કરવી.

૪.૨ અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |